**-: અદા કરજો તમેં રમઝાનમાં સૌમો સલાતને, આ સાથે હુકમ આવો છે અદા કરજો ઝકાતને :-**

ઝકાતનો લફઝ કુરઆની અને અરબી ઝબાનનો છે. એનું અસ્લ "ઝકા-યઝકૂ" પરથી ઝક્કા યા તઝક્કા છે, જેનો મતલબ અને માઅના ચોખું થાવું-પાક થાવું, ચોખું કરવું એમ થાય છે. અલ્લાહતઆલા સુરએ આઅલાની ૧૪-૧૫ મી આયતમાં મુમેનીનને ઈરશાદ ફરમાવે છે કે, "**કદ અફલહા મન તઝક્કા, વ ઝકરસ્મ રબ્બેહી ફસલ્લા.**" માઅના : "કામિયાબ થયો તે કે જેએ પોતાના માલની ઝકાત આપી પાક થયો અને તેના રબના નામની ઝિક્ર કીધી અને નમાઝ પઢી." સુરએ મુમેનૂનની ૧-૪ આયતોમાં ફરમાવે છે કે, "**કદ અફલહલ મુમેનૂનલ્લઝીના હુમ ફી સલાતેહિમ ખાશેઊન, વલ્લઝીના હુમ અનિલ લગ્વે મોઅરેઝૂન, વલ્લઝીના હુમ લિઝ્ઝકાતે ફાએલૂન.**" માઅના : "કામિયાબ થયા તે ઈમાનદારો કે જેઓ પોતાની નમાઝમાં ઝુકે છે, જેઓ ભૂંડી વાતથી મોં ફેરવી દે છે અને જેઓ પોતાનાં માલની ઝકાત આપવાનો અમલ કરવાવાલા છે." આ બે સૂરતોમાં અને કુરઆને કરીમમાં જાબજા, "**અકીમુસ્સલાત વ આતુઝ ઝકાત.**" "કાઈમ કરો તમેં નમાઝને અને આપો તમેં ઝકાતને."

**ઈબાદતગુઝારની ત્રણ નિશાનીઓ છે. નમાઝ, રોઝા અને ઝકાત.**

ઈરશાદે ઈલાહી થયેલો છે, જે શરીઅતનાં સાત રૂકનો માંથી એક અહમ રૂકનની અદાએગી કરવા મુમેનીને હુકમો ફરમાન કરે છે. ચોખ્ખાઈ તે જ વકત કરવાની હોય કે જે વકત ગંદકી થાય. ઝકાત પોતાના માલને ચોખા કરવા વાસ્તે શરઈ અને ઈલાહી નુસ્ખો છે જે ઉમ્મતના તમામ માલદારો પર ફરઝો લાઝિમ છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, અલ્લાહ તઆલા જે વકત કોઈ બંદાની બેહતરીનો ઈરાદો કરે છે, તો તેની તરફ જન્નતનાં ખઝાનચીઓ માંથી એક ફરિશ્તાને મોકલી આપે છે. જે તેના સીનાને મસહ કરે છે-સલાવે છે કે જેથી તેની જાન ઝકાત આપવા પર આમાદહ થઈ જાય છે. અમીરૂલ મુમેનીન (અ.સ.) એ ફરમાવું કે, **ઇબાદતગુઝારની ત્રણ નિશાનીઓ છે. નમાઝ, રોઝા અને ઝકાત.** આપે આપના અહલો અયાલને વસીયત કરીને ફરમાવું કે, અય મારા અહલ, ફરઝંદો અને તમામ મુમેનીન, અલ્લાહ ! અલ્લાહ ! તમે ઝકાતને લાઝિમ રહેજો કેમ કે તે તમારા રબના ગુસ્સાને ઠંડો કરે છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઝકાતનાં બારામાં ફરમાવું કે, જેઓ ઝકાત આપે છે તે, અલ્લાહતઆલાએ તમને જે આપેલું છે તેમાંથી જ એક હિસ્સો આપે છે તેથી તેઓને તે ખાલિસ નિય્યતથી આપવી જોઈએ. તે કોઈ શખ્સે તેના માલની ઝકાત આપી તો તેનાથી તમામ બુરાઈઓ ચાલી ગઈ. આપ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, **ખુશ્કી કે તરીમાં યા ઝમીન કે પાનીમાં માલમાં નુકસાન થાય છે તે ઝકાત રોકવાથી થાય છે.** તેથી તમારા માલ-દૌલતની ઝકાત આપીને તેને બચાવી લો, સદકો આપીને તમારા મરીઝોનો ઈલાજ કરો અને દોઆથી બલાઓની દફા તલબી કરો. ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) એ ફરમાવું કે, જે માલની ઝકાત અપાઈ હોય તે ઝમીન યા દરિયામાં હરગિઝ હલાક થાતો નથી.

**ખુશ્કી કે તરીમાં યા ઝમીન કે પાનીમાં માલમાં નુકસાન થાય છે તે ઝકાત રોકવાથી થાય છે.**

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી મન્કૂલ છે કે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું કે, કયામત તે વકત ઉઠશે કે જે વકત નમાઝ એહસાન જતાવી પઢવામાં આવશે, અમાનત ગનીમતનાં માલ જેમ અદા થાશે અને ઝકાત દંડ યા જુરમાના રૂએ અદા કરાશે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી મન્કૂલ છે કે, આપે મના ફરમાવું છે કે, કોઈ મરદે મુમિન તેના માલની ઝકાતને તેના ઈમામથી છુપાવે. આપે ફરમાવું છે કે, **ઝકાતને છુપાવવી નિફાકની નિશાની છે.** મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) થી મન્કૂલ છે કે, જેના માલ-દૌલત ઝિયાદહ થયા અને તેએ તેના હક્ક અદા ન કીધો તો તે માલ તેને કયામતનાં દિન સાંપ બનીને કાટશે. આપે એમ પણ ફરમાવું કે, જે કોઈ પોતાની ઝકાતને રોકશે તો તેની નમાઝ કુબૂલ કરવામાં નહીં આવે.

આ સિવાય ઝકાત અદા કરવા વાસ્તેની તરગીબાત અને રૂજહાનની ઘણી રિવાયતો દાઅવતનાં કિતાબોમાં મૌજૂદ છે. મુમેનીન પર લાઝિમ છે કે, તે ઝકાતનો હક્ક પોતાના ઝમાનાના ઈમામ યા નાઈબે ઈમામ દાઈએ હક્કને જ અદા કરે. અગર તેએ શહરૂલ્લાહમાં ઝકાતો વાજેબાતને અરઝ કીધી તો તેએ એક ફરીઝતને અદા કીધી જેની જઝા અને સવાબ સિત્તેર ગણો છે. મુમેનીનને એ જોવાનું છે કે, પોતે પોતાનાં માલમાંથી ઝકાતને કુરઆને કરીમનાં ફરમાન મુજબ નીકાલે છે કે નહીં ! "**આતુઝ્ઝકાત**", તમે ઝકાત આપો-અદા કરો બરાબર ગિન્તી કરીને. કુરઆને કરીમ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર નાઝિલ થયા તો આપ પર એ આયત નાઝિલ થઈ કે, "**ખુઝ મિન અમ્વાલેહિમ સદકતન તોતહહિરહિમ વ તોઝક્કીહિમ બેહા,**" માઅના : (અય રસૂલુલ્લાહ) આપ લોગોનાં માલ માંથી સદકાત યાઅની કે ઝકાત વસૂલ કરો જેથી તમે તેઓને પાક કરો અને માલને ચોખો કરો." તે બાદ આપ (સ.અ.વ.વ.) ને મુમેનીન વાસ્તે દોઆ કરવાનું ફરમાન થયેલું છે, જે દોઆ મુમેનીનના દિલોને સુકૂન બખ્શે છે. અહલે ઈમાન ફક્ત એ જોઈ લે કે ઝકાતની ફરીઝત તેઓએ અદા કીધી કે નહીં. ઝકાત લેનાર યા કે વુસૂલ કરનાર નબી, વસી, ઈમામ યા દાઈ જે તે ઝમાનમાં હોય તે કુરઆની અહકામ મુજબ રમઝાન સિવાય બીજા અગિયાર મહિનાઓમાં ઝકાત કયા મકસદ ને સબબમાં ખર્ચ કીધી એ જોવાનું ખુદાનું કામ છે અને ખુદાતઆલા તમામનો મુહાસિબ (હિસાબ રાખનાર) છે. ફક્ત દિલમાં ઝકાતનાં ખર્ચનાં રસ્તા શું મુનાસિબ છે યા ગૈર મુનાસિબ, તેવા બદ ખયાલાત અને શક શુબેહ લાવીને એક મોટા ફરઝને તર્ક કરી દેવું ગુનાહે અઝીમનો સબબ બને છે. જે જે રસ્તાઓમાં ઝકાતની રકમને ખર્ચ કરવાનું ફરમાન થયેલું છે એમાં ઝકાત ઉઘરાવનારાઓનો પણ હિસ્સો છે. આથી સાબિત થાય છે કે, અલ્લાહતઆલા તરફથી જ કોઈ એવા દરજાના સાહબને દુનિયામાં ઝકાત લેવા વાસ્તે મુખ્તાર બનાવવામાં અને પસંદ કરવામાં આવેલા છે કે, જેઓ પોતાની તરફથી શહેરો અને ગામોમાં ઝકાત ઉઘરાવવા વાસ્તે વફાદાર અને ભરોસાવાલા સાહબોને નક્કી કરે.

અલ્લાહતઆલાએ મુમેનીનને ઝિંદગીના હર ગોશા અને હાલતમાં પાકીઝા રહેવાનું ફરમાન છે. આ પાકીઝગી વાસ્તે શરીઅતમાં પુખ્તા ઈન્તેઝામાત છે જેને અમલમાં મુકવાનો તમામ દારોમદાર ઝમાનાના અલ્લાહના હુજ્જત અને શરીઅતના મુહાફિઝ સાહબે હક્ક ઉપર રહેલો છે. **અલ્લાહતઆલાએ પોતાની નબી યા હક્કના ઇમામો કે દોઆતને શરીઅતના મરકઝ બનાવેલા છે.** આ રૂહાની મરકઝ સાથે મુમિનની ઝિંદગીના નાના-મોટા હર અમલ જોડાયેલા છે. આ મરકઝના સબબ જ એક એવો દાયેરો કાઈમ થાય છે જેના ઈહાતામાં-બંદિશમાં મુમિનનું ઈમાન સલામત રહે છે. નમાઝ મુમિનના નફસને પાક કરે છે, પાક પાનીથી વુઝૂ યા ગુસ્લ ઝાહિરી જિસ્મને પાક કરે છે, રોઝૂ બાતિની જિસ્મને પાક કરે છે તો ઝકાત માલને પાક કરે છે. હવે જો નમાઝની કમાલીયત ઈમામતની નમાઝમાં હોય છે જેના મુખ્તાર હક્કના દાઈ હોય, તો ઝકાતની કમાલીયત શહરૂલ્લાહમાં હક્કના દાઈની હઝરતે તૈયેબીયાહમાં તેની અદાયેગીથી થાય છે. **અગર અલ્લાહતઆલાએ નમાઝને ઝકાત સાથે કુરઆનમાં જોડેલી છે તો નમાઝ ને કાઇમ કરનાર સાહબ અને ઝકાતને લેનાર સાહબમાં કોઇ ફર્ક હોવો બિલકુલ નામુમ્કિન છે.** કોઈ પણ શખ્સ આ બેવેને દરમિયાન ફર્ક લાવશે તો એ મુનાફેકીન માંથી ગીનાશે. આ શખ્સ તે મુજબ હશે કે જે ઝકાત નીકાલા બગૈર માલ થી જમન જમતો રહ્યો, માલ નાપાક હતો અને તે માલથી જમન જમો અને આના સબબ તેના નફસ સાથે તેનું જિસ્મ પણ નાપાક બની ગયું. ભલે ને એ દિવસમાં લાખ વકત વુઝૂ કરે પણ તેને આ કામ લાગશે નહીં કેમકે જેના જિસ્મનાં અંદર જ બિમારી અને નાપાકી હોય તો તેની બાહરની પાકી અને ઝીનત કઈ કામ લાગશે નહીં.

**અગર અલ્લાહતઆલાએ નમાઝને ઝકાત સાથે કુરઆનમાં જોડેલી છે તો નમાઝ ને કાઈમ કરનાર સાહબ અને ઝકાતને લેનાર સાહબમાં કોઈ ફર્ક હોવો બિલકુલ નામુમ્કિન છે.**

ઝકાત અને સદકામા આસ્માન-ઝમીનનો ફર્ક છે. સદકો કોઈ પણ વકતમાં, કોઈ પણ ગિન્તીમાં, કોઈ પણ સાઈલને આપી શકાય છે. પણ ઝકાતની અદાયેગી સાહબે દાઅવતના હાથ પર, રમઝાનુલ મોઅઝઝમમાં જ, ચોક્કસ ગિન્તીના હિસાબથી જ અદા કરી શકાય છે. શવ્વાલથી શાઅબાન તક જે નકદ-રોકડ-સેવીંગ થયા હોય અને તેને એક જગા ઈસ્તેઅમાલ કીધા બગૈર મુકા હોય તો તેના ૪૦ રૂપિયા ઉપર ૧ રૂપિયો ઝકાત વાજિબ થાય છે. સોનું-ચાંદી જે વપરાતું ન હોય તે ઉપર પણ ઝકાત લાઝિમ થાય છે. ઝકાતની ગિન્તીનો પૂરો તફસીલવાર નિસાબ દાઅવતના મુખ્તલિફ કિતાબોમાં મૌજૂદ છે. મુમેનીન આ સિલસિલાની તમામ માઅલૂમાત સાહબે દાઅવત નઝદીક બેસીને હાસિલ કરી શકે છે.

કિતાબ દઆઈમુલ ઈસ્લામમાં સૈ.કાઝી નોઅમાન સાહબ ઝિક્ર કરે છે કે, વલીદ બિન સબીહ એમ કહે છે કે, મને શિહાબે કહ્યું કે, "એને રાતે સપનામાં હૌલનાક અને ભયાનક ચીઝો દેખાય છે અને એ જોઈ છે કે એને એક બૈરો દોડાવે છે." એને મને આ બાબત અબુ અબ્દુલ્લાહ ઈમામ જાઅફર બિન મોહંમદ (અ.સ.) ની હઝરતમાં સવાલ કરવાનું કહ્યું. મેં તે બાબત ઈમામ (અ.સ.) ને સવાલ કીધો. આપે જવાબમાં ફરમાવું કે, આ ખ્વાબ જોનાર એવો મરદ છે કે, જે એના માલની ઝકાત અદા કરતો નહીં હોય. મેં ફૌરન શિહાબને આ જવાબથી વાકિફ કીધો. શિહાબે કહ્યું કે, "કેમ નહીં, મેં તો ઝકાતને બરાબર નીકાલું છું." મેં ઈમામને એના આ કૌલની ખબર કીધી તો આપ (અ.સ.) એ ફરમાવું કે, અગર એ મરદ ઝકાત નીકાલતો હશે તો એ તે ઝકાતને જેને આપવી જોઈએ એને નહીં આપતો હોય યાઅની ગૈર જગા અને ગૈર લોગોને આપતો હશે. મેં આ વાત શિહાબને પહોંચાવી તો એ બોલો કે, **"ઇમામે હક્કએ સાચું ફરમાવું."** ★